## -: પેરોલ જમ્પના આરોપીને પકડી પાડતી રખિયાલ પોલીસ :-

મે. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અધિક પોલીસ કમિશ્નરશ્રી, સે-૨ સાહેબની સુચના મુજબ નાસતા ફરતા તેમજ પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડિવીઝન, અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર એમ.પી.પઠાણ રખિયાલ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર નાઓ તરફથી મળેલ માર્ગદર્શન હેઠળ મોનોગ્રામ પો.ચોકીના પો.સબ ઇન્. કે.એન.વાઘેલા તથા પોલીસ સ્ટાફના અ.પો.કો.અશોકભાઇ લખમણભાઇ બ.નં.૭૪૭૬ તથા અ.પો.કો.પ્રવિણભાઇ ભોજાભાઇ બ.નં.૧૧૮૪૯ તથા અ.લો.ર.વિપુલકુમાર ભુપતભાઇ બ.નં.૧૨૩૦૧ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન કલાક ૧૯/૩૦ વાગે રખિયાલ લલ્લુરત્નાના છાપરા આગળ આવતા એક ઇસમ શંકાસ્પદ મળી આવતા જેની પુછપરછ કરી નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ પપ્પુ ઉર્ફે વિનોદ રમણભાઇ પટણી ઉ.વ.૩૦ રહે-૧૦/૨૨૫ એમ.એલ.એ. ક્વાટર્સ, સિવીલની પાછળ, હોળી ચકલા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાનું હોવાનું જણાવેલ. સદરીની ઝડતી તપાસ કરતા તેના પેન્ટના ખીસ્સા માંથી એક ચીઠ્ઠી મળી આવતા જેમાં નાયબ અધિક્ષક, સાબરમતી મધ્યસ્થ જેલની સહિ વાળી ચીઠ્ઠી હોય તેમા નં.૩૦૯/૧૯ તથા ૯૫૯૪/૧૪ ની લખેલ હોય. જેથી સદરીને પુછપરછ કરતા પોતે ઇન્ફોસીટી પોલીસ સ્ટેશન, ગાંધીનગર સને-૨૦૧૪ માં ઇપીકો કલમ-૩૦૨ મુજબના ગુના સાબરમતી સેન્ટ્રલમા હોય અને ગઇ તા-૦૯/૧૧/૨૦૧૯ ના રોજ સાબરમતી જેલ ખાતેથી દીન-૦૫ ની પેરોલ રજા ઉપર આવેલ હતો અને તેને તા-૧૩/૧૧/૨૦૧૯ ના કલાક ૧૨/૦૦ વાગે પરત જેલમાં હાજર થવાનું હતુ પરંતુ પરત જેલમાં હાજર થયેલ ન હતો અને પેરોલ જમ્પ કરેલ હોઇ જેથી સદરી આરોપી આજરોજ મળી આવતા તા-૧૬/૧૧/૨૦૧૯ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક રખિયાલ પો.સ્ટેશન સ્ટે.ડા.એ.નં.૧૮/૧૯ તા-૧૬/૧૧/૨૦૧૯ કલાક ૨૦/૩૦ વાગે નોંધ કરાવી આરોપીને આગળની સજા ભોગવવા માટે સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા-૧૬/૧૧/૨૦૧૯